**અમદાવાદનાં મહે. ૩જા એડીશનલ જયુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ.નવરંગપુરા કોર્ટ, જિ.અમદાવાદ (ગ્રામ્ય)**

**ફોજદારી કેસ નંબર–915-23**

આંક–

ફરીયાદી:– શ્રી સરકાર

વિ.

આરોપી:–

**<u>ગુનો:– ગુજરાત નશાબંધી અધીનીયમની કલમ ૬૫(એ)(એ),૧૧૬(બી) મુજબ</u>**

**<u>–:: હુ ક મ ::–</u>**

૧. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે **<u>પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબ</u>** ના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. અને ચાર્જશીટને ફોજદારી કેસ નંબર આપવામાં આવેલ છે.

૨. આરોપીને સમન્સ કરતા કોર્ટ રુબરુ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોય તેઓની ગુનાની કબુલાત રેકર્ડે કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કેક, તેઓએ ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે આ કમે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અને અરોપીના ઉપરોકત સંજોગો જોતા દોષીત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છુ.

**<u>–:: હુ ક મ ::–</u>**

આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે **<u>પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબ</u>**ના ગુના સબબ તકસીરવાર ઠરાવી આરોપીને રુપીયા ૧૦૦૦/– (એક હજાર પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો **દિન –૧૦** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ તા.૦૯/૧૨/૨૦૨૩ ના રોજ સ્પે.સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૧૨/૨૦૨૩

( એસ.શર્મા)

૩જા એડી. જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,

અમદાવાદ (ગ્રામ્ય)નવરંગપુરા.

જી.જે૦૧૩૬૭